53510

કેન્દ્રીયકૃત સ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે તથા કેન્દ્રીયકૃત ભરતી પરીક્ષાઓની પૂર્વ તૈયારી માટે PPP મોડમાં કોચીંગ સેન્ટર શરૂ કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
સુધારા ઠરાવ ક્રમાંકઃ SCW/૧૦૧૪/ન.બા.૭૬/ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૯/૦૧/૨૦૧૮

વંચાણે લીધાઃ-

(૧) નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર ના પત્ર ક્રમાંક: અજાક/ગ.૧/૧/૨૦૧૪-૧૫/૬૭૪૪-૪૫ તા.૧૫/૦૫/૨૦૧૪.

(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક: SCW/૧૦૧૪/ન.બા.૭૬/ગ તા.૦૮/૦૮/૨૦૧૪.

(3) નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર ના પત્ર ક્રમાંક: અજાક/ગ.૧/૮/૨૦૧૭-૧૮/૯૧૭૩ તા.૨૩/૧૧/૨૦૧૭.

સુધારા ઠરાવઃ-

અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ યુ.પી.એસ.સી./ સ્ટેટ કમિશન/ બેંક/ એલ.આઇ.સી./ આઇ.આઇ.ટી./ આઇ.આઇ.એમ./ નીફ્ટ/ એનેલ્યુ/ સેપ્ટ જેવી કેન્દ્રીયકૃત ભરતી પરીક્ષાઓની તૈયારી માટે કોચીંગ આપવામાં આવે તો અનુસૂચિત જાતિના ગરીબ વિદ્યાર્થીઓ આવી પરીક્ષાઓ પાસ કરી ઉચ્ચ કારકિર્દી બનાવી શકે તે માટે નિયામકશ્રી(અનુ.જાતિ કલ્યાણ) કચેરીના તા.૧૫/૫/૨૦૧૪ ના વંચાણે લીધા ક્રમાંક-(૧) ના પત્રથી રૂ.૧૫.૦૦ લાખની નવી બાબત વર્ષ ૨૦૧૪-૧૫ ના અંદાજપત્રમાં સમાવેશ કરવા માટે દરખાસ્ત કરવામાં આવેલ છે. આ નવી બાબતને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે ત્યારબાદ વંચાણે લીધેલ ક્રમાંક-(3) પરના તા.૨૩/૧૧/૨૦૧૭ ના પત્ર ક્રમાંક: અજાક/ગ.૧/૮/૨૦૧૭-૧૮/૯૧૭૩ થી ઉક્ત ઠરાવની શરત નં-૨ માં સુધારો કરવાની દરખાસ્ત કરેલ છે. જે વિચારણા હેઠળ હતી.

03/02/18

નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુ. રા. ગાંધીનગર.
3 - FEB 2018
આવક નંબર....... ૭૩૮

પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબનો સુધારો બહાર પાડવામાં આવે છે.

" CEPT, NIFT, NLU માં પ્રવેશ મેળવવા માંગતા અનુ.જાતિના વિદ્યાર્થીઓએ ધો-૧૦ માં ૭૦% કે તેથી વધુ ગુણ મેળવેલ હોય અને ધો-૧૨(કોઇ પણ પ્રવાહ) માં અભ્યાસ કરતા હોવા જોઇએ. જ્યારે IIM માં પ્રવેશ મેળવવા માંગતા અનુ.જાતિના વિદ્યાર્થીઓએ ધો-૧૨(કોઇ પણ પ્રવાહ) માં ૭૦% કે તેથી વધુ ગુણ મેળવેલ હોય અને સ્નાતક કક્ષા(કોઇ પણ પ્રવાહ) ના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતા હોય અથવા સ્નાતક પૂર્ણ કરેલ હોય તો સ્નાતકમાં ૭૦%થી વધુ ગુણ મેળવેલ હોય તેમને આ તાલીમમાં આવરી લેવાના રહેશે."

આ અંગેનો ખર્ચ માંગણી નં-૯૫- અનુસૂચિત જાતિ પેટા યોજના, મુખ્ય સદર- ૨૨૨૫- અનુ.જાતિઓ, આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેતા મુખ્ય સદર-૦૧- અનુ.જાતિઓનુ કલ્યાણ, ગૌણ સદર-૨૨૭- શિક્ષણ, પેટા સદર-(૩૧)- બીસીકે-૭- સ્નાતક કક્ષાના પ્રવેશ માટે તથા કેન્દ્રીયકૃત ભરતી પરીક્ષાઓ માટે PPP મોડમાં કોચીંગ સેન્ટર શરૂ કરવા બજેટ હેડ હેઠળ થયેલ જોગવાઇમાંથી મેળવવાનું તેમજ ઉધારવાનુ રહેશે.

તા.૮/૮/૨૦૧૪ ના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર માન.મંત્રીશ્રી(સા.ન્યા)ની તા.૧૮/૧/૨૦૧૮ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(ધનશ્યામસિંહ મકવાણા)
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

<u>નકલ સવિનય રવાના</u>

- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ

537|C

- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- સર્વે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રી (નિયામકશ્રી(અજાક) મારફત)
- સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત), (નિયામકશ્રી(અજાક) મારફત)
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી,(નિયામકશ્રી(અજાક) મારફત)
- બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કોમ્પ્યુતર સેલ, સા.ન્યા. અને અધિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર ને વેબ સાઇટ પર મુકવા વિનંતી સહ
- સિલેક્ટ ફાઇલ

નં.અજાક / ગ-૧/ ૮/ ૨૦૧૭-૧૮/૧૦૯૪-૧૧૧૫
નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ,
૪/ ૨, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
Email:dd1-dscw@gujarat.gov.in
ફોનનં.(૦૭૯) ૨૩ ૨૫૩ ૨૪૩
તા.૧૫/ ૦૨ / ૨૦૧૮

પ્રતિ,
નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, જિ. ......33......(તમામ)
જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (પંચાયત), જિ. ......33......(તમામ)

૨/- સરકારશ્રીના ઉક્ત ઠરાવની જાણ તથા અમલ સારૂ.

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

15/2/18

E:\MEGHANA\006 IIM NEFT CEPT\2018-19\IIM NIFT LETTER 2018.docx